**ચાર્જશીટ લગત હુકમ :-** **સેશન્સ કેસ નં.૩૫/૨૦૨૫**

---

(૧) હાલના કેસનું સઘડુ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા, કેસના આરોપી **અશ્વિનભાઈ લાભભાઈ ઉર્ફે બાબુભાઈ મકવાણા, ઉ.વ.૩૨, રહે. રાણી ટાવર પાછળ, વૃંદાવન શેરીના નાકા, ચાર માળીયા કવાર્ટર, બ્લોક નં.૧૪, કવાટર્સ નં.૧૧૭૬, રાજકોટ (મુળ વતન-કપુરીયાના કાંઠે, કાલાવડ, જી. જામનગર)** નાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ ગોંડલ તાલુકા પોલીસ મથક ધ્વારા ગોંડલ ખાતેની એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલતમાં રજુ કરતા તે ચાર્જશીટ ફોજદારી કેસ નં.૨૧૯૫/૨૦૧૮ થી નોંધાયા બાદ વિધ્વાન ટ્રાયલ અદાલતે સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા સેશન્સ અદાલતને હોવાથી સદરહું કેસ અત્રેની અદાલતમાં કમીટ કરેલ છે. સદર કામેના આરોપી છેલ્લા લાંબા સમયથી ગેરહાજર રહેલ હોય, જે કારણોસર કેસની કાર્યવાહી વિલંબ માં પરીણમેલ હોય, આરોપી સામે સી.આર.પી.સી. કલમ-૮૨ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ અને **આંક-૧૧** થી જાહેરનામાની નિયત બજવણી થયેલ, તેમ છતાં આરોપી નિયત સમયમાં હાજર રહયા નથી. આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેવી કોઈ શકયતા જણાય આવતી નથી. આમ, સદર આરોપી ભાગેડુ તરીકે જાહેર થયેલ હોવાથી સદરહું કેસની કાર્યવાહી અનિશ્ચીત મુદ્દત સુધી વિલંબીત રાખી શકાય નહીં. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ -૩૩૫ ની જોગવાઈ ધ્યાને લેતા, આ જોગવાઈ હેઠળ નાસી ગયેલ અને તત્કાલ પકડાવવાની કોઈ સંભાવના ન હોય તેવા આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષના સાક્ષીઓની જુબાની નોંધવાની અદાલતને સતા રહેલી છે. આમ, આ સંજોગોમાં

સદર કેસની હકિકતો અને સંજોગો ધ્યાને લેતા, આ કેસના ભાગેડુ આરોપીની ગેરહાજરીમાં આ કેસના સાક્ષીઓનો પુરાવાઓ નોંધવા સબબની કાર્યવાહી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૩૫ મુજબ આગળ ચલાવવામાં આવે, તે ન્યાયના હિતમાં યોગ્ય જણાઈ આવતુ હોય, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આરોપી **અશ્વિનભાઈ લાભભાઈ ઉર્ફે બાબુભાઈ મકવાણા, ઉ.વ.૩૨, રહે. રાણીટાવર પાછળ, વૃંદાવન શેરીના નાકા ચાર માળીયા કવાર્ટર, બ્લોક નં.૧૪, કવાટર્સ નં.૧૧૭૬, રાજકોટ (મુળ વતન– કપુરીયાના કાંઠે, કાલાવડ, જી.જામનગર)** નાઓને આ કેસમાં ભાગેડુ જાહેર કરવામાં આવે છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૩૫ અન્વયે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીએ હાલના કેસના જરૂરી પુરાવા આરોપીની ગેરહાજરીમાં રજુ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૧૫ મી,** માહે–**ડિસેમ્બર,** સને–**૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫/૧૨/૨૦૨૫
સ્થળ : ગોંડલ.

**(હેમાંગ અશ્વીનભાઈ ત્રિવેદી)**
અધિક સત્ર ન્યાયાધિશ, ગોંડલ.
**UID No. GJ00591**

H.P.BHATT
(GUJ.STENO.)